ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),
"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧
SGCCI
ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૧૭/૬/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# વોટરજેટમાં સુરતના આંત્રપ્રિન્યોર્સ માટે ઘણી તક છે

## ચેમ્બરમાં 'વોટરજેટ વિવિંગના ભુતકાળ, વર્તમાન અને ભવિષ્ય' વિશે સેમિનાર યોજાયો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના જીએફઆરઆરસી દ્વારા શનિવારે, તા. ૧૫ જૂન, ૨૦૧૯ના રોજ સાંજે ૫:૩૦ કલાકે નાનપુરા સમૃદ્ધિ ખાતે 'વોટરજેટ વિવિંગના ભુતકાળ, વર્તમાન અને ભવિષ્ય' વિષય ઉપર સેમિનાર યોજાયો હતો. જેમાં ઇમેન્સ પોટેન્શીયલ ફોર પોલિએસ્ટર ફેબ્રિક વિશે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના શ્રી અસિમ પાને, વોટરજેટ મશીનો અને નવી ટેકનોલોજીના વૈશ્વિક સ્વરૂપ વિશે ડીઆરડીઇના શ્રી રોબર્ટે તથા વોટરજેટ વિવિંગનો ભુતકાળ, વર્તમાન અને ભવિષ્ય વિશે સુરત ઓટોલૂમ્સ વિવર્સ એસોસિએશનના પ્રમુખ શ્રી સંજય દેસાઇએ વકતવ્ય રજૂ કરી માર્ગદર્શન આપ્યુ હતુ. ફેરડીલ ફિલામેન્ટ્સ લિમિટેડના શ્રી ધીરુભાઇ શાહે વોટરજેટ ઉદ્યોગની સમીક્ષા કરી હતી. જયારે વોટરજેટમાં સફળ થયેલા ઉદ્યોગપતિઓ શ્રી ચેતન દેસાઇ અને શ્રી વિકાસ મિત્તલે તેમના અનુભવનો નિચોડ વેપારીઓ સમક્ષ રજૂ કરી તેઓને આધુનિક ટેકનોલોજીના ઉપયોગ માટે પ્રોત્સાહિત કર્યા હતા.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે, ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીમાં ટેકનલોજી ઝડપથી બદલાઇ રહી છે. ગ્લોબલ માર્કેટમાં ટકવા માટે અને એક્ષ્પોર્ટ વધારવા માટે આપણે પણ નવી ટેકનોલોજી અપનાવી સમયની સાથે ચાલવુ પડશે.

સેમિનારમાં ભારત સરકારના ટેક્ષ્ટાઇલ મંત્રાલયની ટેક્ષ્ટાઇલ કમિટીના ફિલ્ડ ઓફિસર શ્રી વી.કે. શર્માએ આંત્રપ્રિન્યોર્સને ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીના મોર્ડનાઇઝેશન વિશે આગામી દિવસોમાં યોજાનારી ચર્ચામાં આમંત્રિત કરીશું તેમ જણાવ્યુ હતુ.

જીએફઆરઆરસીના ચેરમેન શ્રી ગિરધરગોપાલ મુંદડાએ જણાવ્યુ હતુ કે, સુરતના ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીના વિકાસ માટે જીએફઆરઆરસી દ્વારા પ્રયાસ કરવામાં આવે છે અને વેપારીઓને નવી ટેકનોલોજી તથા ટેક્ષ્ટાઇલ નવા ટ્રેન્ડ વિશે અવગત કરાવવા માટે વિવિધ સેમિનારો કરવામાં આવે છે.

વકતા શ્રી અસીમ પાને ટેક્ષ્ટાઇલ ઈન્ડસ્ટ્રીનો ગ્લોબલ ફાઇબર સિનારીયો રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે ભવિષ્યમાં કોટનની કિંમત વધશે. ચાઇનાને બાદ કરતા અન્ય દેશો જેવા કે કોરીયા, તાઇવાન, થાઇલેન્ડ વિગેરે ગ્રોથ નહી કરી રહયા. આથી ભારતને

ગ્રો થવા માટે વિશાળ તક છે. તેમણે કહયુ હતુ કે સુરતના આંત્રપ્રિન્યોર્સ માટે ઘણી સારી તક છે. કારણ કે ભારતભરમાં એકમાત્ર ગુજરાતમાં જ ફેબ્રિકથી ગારમેન્ટ સુધી વેલ્યુ ચેઇન ઉપલબ્ધ છે. પહેલા સાડી માટેનું માર્કેટ હવે ગારમેન્ટ તરફ વધી રહયુ છે.

શ્રી ધીરુભાઇ શાહે જણાવ્યુ હતુ કે, આજથી ૭૦ વર્ષ પહેલા વોટરજેટની સફર શરૂ થઇ હતી. સુરતમાં પણ ૧૯૯૦ પહેલાથી વોટરજેટ મશીનો છે. ઘણા દેશો તો આ ટેકનોલોજી અપનાવીને બહાર નીકળી ગયા છે ત્યારે ઘણા વેપારીઓ આ ટેકનોલોજી અપનાવવા વિશે હજુ વિચારી રહયા છે. એક્ષ્પોર્ટ વધારવા માટે કવોલિટીમાં સુધારો લાવવો પડશે અને ડિફેકટલેસ ફેબ્રિક બનાવવું પડશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, વોટરજેટમાં ઘણા સુધારા આવ્યા છે. હવે ૮૦ ટકા પ્રોડકટ વોટરજેટ મશીન ઉપર બનાવી શકાય છે. પણ એમાં સફળ થવા માટે પ્રોપર પ્લાનીગથી કામ કરવુ પડશે. વોટરજેટમાં ૯૦ ટકા પાણી રિસાયકલ થઇ શકે છે. શરૂઆતમાં કેપીટલ વધારે લાગશે પણ એફીશિયન્સી અને કવોલિટીને ધ્યાનમાં રાખીએ તો કોસ્ટ ઓછી થઇ જાય છે. સાથે જ મશીનની લાઇફમાં પણ વધારો થાય છે.

શ્રી સંજય દેસાઇએ વોટરજેટના ભુતકાળ, વર્તમાન અને ભવિષ્ય ઉપર પ્રકાશ પાડયો હતો. તેમણે કહયુ હતુ કે સુરતમાં પહેલા સેન્ટ્રલાઇઝડ અને ડીસેન્ટ્રલાઇઝડ મશીનો હતા. વર્ષ ૨૦૦૦ પહેલાં ૮૫૦ મશીનો હતા. જેના પર ત્રણથી ચાર ફેબ્રિક ચાલતા હતા. ૨૦૦૨–૦૩માં માઇક્રોની ડિમાન્ડ આવી અને કોરીયાથી મશીનો ઇમ્પોર્ટ થયા હતા. સરકારની ટફ અને ઇન્ટરેસ્ટની યોજનાઓને કારણે ૩૫ હજાર મશીનો થઇ ગયા. ૨૦૦૧થી ૨૦૧૪ સુધીનો સમયગાળો વોટરજેટ માટે ગોલ્ડન પીરિયડ રહયો હતો.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, વર્ષ ૨૦૧૫થી ૨૦૧૯ સુધીનો સમયગાળો વોટરજેટ માટે ખરાબ રહયો હતો. ઘણાને મશીન સ્ક્રેપ કરવા પડયા હતા. ઓગષ્ટ ૨૦૧૫થી માર્કેટ ડાઉન થઇ ગયુ હતુ. કુલ ચારથી પાંચ વર્ષ વિવિંગ ઇન્ડસ્ટ્રી ડિસ્ટર્બ થઇ ગઇ હતી. પરંતુ વોટરજેટનું ભવિષ્ય ખૂબ જ સારુ છે. દર વર્ષે ૧૫/૨૦ ટકાનો ગ્રોથ થશે. ચાઇનામાં ૪ લાખ જેટલા વોટરજેટ મશીનો છે ત્યારે ભારતમાં ૩૫ હજાર જેટલા મશીનો છે. ચાઇના અને ભારતની વચ્ચે ખૂબ જ અંતર છે. સરકારે ઇમ્પોર્ટેડ ફેબ્રિક બંધ કરી દીધુ છે, જે ઇન્ડસ્ટ્રી માટે સારી વાત છે. આથી ભારતમાં ૩૫ લાખ વોટરજેટ આવતા સમય નહી લાગે.

શ્રી વિકાસ મિત્તલે જણાવ્યુ હતુ કે, વર્ષ ૧૯૯૭માં આસામથી સુરત આવીને ટેક્ષ્યુરાઇઝીગ ઇન્ડસ્ટ્રીઝમાં પ્રવેશ કર્યો હતો. વર્ષ ૨૦૦૫થી વોટરજેટ મશીન નાંખ્યા હતા અને ત્યારબાદ પાછળ વળીને જોયુ નથી. તેમણે કહયુ હતુ કે ઓર્ગેનાઇઝ્ડ વેમાં વોટરજેટ મશીન નાંખો. સારી કવોલિટીના મશીન નાંખો અને તેને મેઇન્ટેન કરો.

શ્રી ચેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, વોટરજેટ મશીન ઉપર પ્લેન, ડોબી અને જેકાર્ડ વિગેરે જુદા–જુદા પ્રકારના ફેબ્રિક બનાવી શકાય છે. બાર પાવડીના મશીન લેવા જોઇએ. તેમણે વોટરજેટ મશીનો વિશે વિસ્તૃતપણે માહિતી આપી હતી.

શ્રી રોબર્ટે વોટરજેટ મશીનરીનો ગ્લોબલ સિનારીયો વિશે માહિતી આપી વોટરજેટ વિવિંગ લૂમ્સનું પ્રેઝન્ટેશન રજૂ કર્યુ હતું. તેમણે ભવિષ્યમાં માર્કેટમાં આવનાર નવી મશીનરો અંગે માહિતી આપતા જણાવ્યુ હતુ કે, ઇન્ટેલીજન્ટ ટેકનીકથી વોટરજેટ ચાલશે. ૫૦૦ જેટલા લૂમ્સમાં બે માણસો કામ કરશે. ભવિષ્યમાં ફયુચર ટેકનોલોજી માટે વોટરજેટ સારો વિકલ્પ છે.

સેમિનારમાં ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય શ્રી આશિષ ગુજરાતીએ પ્રાસંગિક વિધી કરી હતી. નિષ્ણાંત વકતાઓએ વેપારીઓના સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયુ હતુ.